# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

## પરિપત્ર

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રીઓને તથા ભવનોનાં વડાઓને જણાવવાનું કે, આપની કોલેજમાં / ભવનમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની માર્કશીટમાં કોઈ નામ સુધારણાનો પ્રશ્ન ઉભો થાય તો નિયત ફી સાથે કોલેજ / ભવન મારફત અરજી મોકલવી તેમજ નામના સ્પેલીંગમાં થતી ભૂલ સુધારી શકાય છે, પરંતુ એક નામને બદલે બીજુ નામ હોય તો તેવા સુધારા કોલેજને જયારે વિદ્યાર્થીનાં પરીક્ષા પહેલા સીટ નંબર વિગેરેની જાણ યુનિવર્સિટીએ કરેલ હોય ત્યારે જ કોલેજે / ભવને પુરાવા સહિત (એચ.એસ.સી.ની માર્કશીટની ઝેરોક્ષ, એનરોલમેન્ટ/સ્નાતક કક્ષાની માર્કશીટ વિગેરે મુજબ) કરાવી લેવા જરૂરી છે.

પરિણામ જાહેર થયા બાદ માર્કશીટમાં વિદ્યાર્થીનું નામ, અટક જ અલગ દર્શાવેલ હોય, પિતાનું નામ જ અલગ દર્શાવેલ હોય, તેવા સુધારા કોલેજ / ભવન તેમજ વિદ્યાર્થીની જોઈન્ટ એફિડેવીટ થી જ કરી શકાશે. તો આપશ્રીને વિદિત થાય કે, માર્કશીટમાં કોઈપણ જાતનાં સુધારા કરવાના કેઈસ હવે કોલેજ / ભવન મારફત જ મોકલવાનાં રહેશે.

ઉપરોક્ત બાબતનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે, જેની નોંધ લેવા વિનંતી.

પરીક્ષા નિયામક.

નં. પરીક્ષા / ૩ / ૨૫૧ / ૨૦૦૬.
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
**રાજકોટ–૩૬૦ ૦૦૫.**
તા. ૨૨ / ૭ / ૨૦૦૬.

પ્રતિ,
–યુનિવર્સિટી સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રીઓ
–યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના વડાઓ
–માન્ય સંસ્થાના વડાઓ તરફ........................ **જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.**